Vol. 12, Issue: 6, June: 2024
(IJRSML) ISSN: 2321 - 2853

# ઐતિહાસિક દ્રષ્ટીએ કપડવંજ

વિક્રમભાઈ ભુલાભાઈ ભોઈ
પી.એચ.ડી.સ્કોલર ઈતિહાસ વિભાગ,
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી, ગોધરા.

## ૧. પ્રાસ્તાવિક

કપડવણજ પણ જૂનું ઐતિહાસિક સ્થાન છે. નગરમાંથી મળી આવેલાં તામ્રપત્રોને આધારે જાણવા મળે છે કે, નવમી સદીમાં અહીં એક સમૃદ્ધ નગર હશે. કપડવણજનો ઉલ્લેખ રજપૂતયુગના જૈનસાહિત્યમાં કપૅટ વાણિજ્ય' નામે થયો છે, તેનો અર્થ થાય છે 'કાપડનો વેપાર', તે કાળે અર્ધગોળાકારે આ શહેર વસેલું હતું. પાટણના રાજમાતા મીનળદેવીએ આ સ્થળની મુલાકાત લીધી હતી.

પ્રાચીન ઐતિહાસિક સ્થાન હોઈ અહીં ઘણાં નાના-મોટાં શિલ્પ સ્થાપત્યો, વાવ, દરવાજા, તળાવ, દેવળો વગેરે જોવા મળે છે. એમાં શિરમોર છે કુંડવાવ. આ વાવની લંબાઈ લગભગ ૧૩૦૦ મીટરની છે. આ વાવ સોલંકીયુગના સિદ્ધરાજ જયસિંહે બંધાવેલી છે. આ ઉપરાંત ૩ ૨ કોઠાની વાવ,રાણીવાવ અને સીગરવાવ પણ જાણીતી છે.નગરકોટમાં પ્રવેશતાં જ અંદરના ભાગે કીર્તિસ્તંભ (તોરણ) બાંધ્યા હતા,એમ 'શિલ્પ રત્નાકર'માં કહ્યું છે.

કુંડવાવમાં સંખ્યાબંધ ગોખ તેમ જ તેમાંના પગથિયાંની રચના સુંદર છે. ઠેર-ઠેર કોતરણી કરેલી છે. કુંડવાવની બહાર ઉભેલા કીર્તિસ્તંભની કલાકારીગરી પણ બેનમૂન છે. કપડવંજમાં હાલમાં થયેલું 'શ્રી અરવિંદ ધ્યાન્કેન્દ્ર' પણ દર્શનીય સ્થાન બન્યું છે. કવિ રાજેન્દ્ર શાહની આ જન્મભૂમિ છે.

કપડવંજથી દસેક કિલોમીટર દૂર વાત્રકકાંઠે આવેલું ઉત્કંઠેશ્વરનું શિવાલય એક રમણીય સ્થળ છે. ૧૦૮ પગથીયા ચઢીને ઉપર જતા જમણી બાજુએ ગોખ છે.તેમાં શ્રી જગદમ્બાનું સ્થાનક છે.અહી વિવિધ સ્થાનોમાંથી લોકો વાળઉતરાવવા આવે છે.[1]

## ૨. કપડવંજનું તોરણ

આ એક ઐતિહાસિક સ્થાન છે. નગરમાંથી મળેલાં તામ્રપત્રોને આધારે જોતાં અહીં નવમી સદીમાં એક સમૃદ્ધ નગર હશે. કપડવણજનો ઉલ્લેખ રાજપુત યુગના જૈન સાહિત્યમાં 'કર્પણ વાણિજ્ય' નામે થયો છે, તેનો અર્થ થાય છે 'કાપડનો વેપાર'. તે કાળે આ શહેર અર્થ ગોળાકારે વસેલું હતું.

આ સ્થાન પ્રાચીન અને ઐતિહાસિક હોઈ ઘણા નાનાં-મોટાં શિલ્પ સ્થાપત્યો, વાવો, દરવાજા,તળાવ, દેવળો વગેરે જોવા મળે છે. નગરના કોટમાં પ્રવેશતાં જ અંદરના ભાગે કીર્તિસ્થંભ (તોરણ) બાંધ્યા હતા. ગુજરાતમાં આમ જોવા જઈએ તો ૧૩ તોરણો છે. શામળાજી, મોઢેરાના બે, આસુરા દેવડાના બે, દેવમાલ, શ્રી લિમ્બુજ માતા, પિલુદ્રા, વડનગર, ધુમલી અને પંચમહાલમાં છે. આ ૧૩ તોરણોમાંથી વડનગર, દેવમાલ અને કપડવંજનાં તોરણો પ્રાચીન યુગની કીર્તિગાથા ગાતાં અકબંધ ઊભાં છે.

કપડવંજથી થોડે દૂર વાત્રકને કેદારનું સ્થાન અર્વાચીન તેમજ વસ્તીની ગીચતાથી દૂર હોઈ વધુ રમણીય અને શાંતિભર્યું છે.[2]

**૩. બત્રીસ કોઠાની વાવ**

સોલંકી યુગમાં બંધાયેલ આ વાવમાં બત્રીસકોઠા હતા.હાલમાં તેમાં થોડાક જ કોઠા છે.આ વાવના પથ્થર પર શ્રી મોઢેશ્વરી માતાજીનું દેવળ છે.વાવની સામે જ સલાટવાળો છે.માનવામાં આવે છે કે આ વાવનો પરથાળ વગેરે લંબાઈનું માપ કઢાવવા જતાં ઉંડાપાડાના પ્રવેશદ્વાર સુધીની મોટીકોઠી સાથે આ હોવી જોઈએ. જ્યારે શહેરમાં ગટરો ખોદવાની શરૂઆત થઈ તે સમયે આ વાવના કોઈ પુરાણા અવશેષો દેખાયા હતા.વાવનો ઉપરનો પરથાળ અને નાની વહોરવાડ સુધીની દુકાનોને જો બરાબર જોઈએ તો એક જ સરખી ઉંચાઈએ આ બધો જ ગોળાકાર છે,તેના પર જ હાલમાં દુકાનો અને પેઢીઓ છે.

સિધ્ધરાજ જયસિંહ સોલંકીના સુવર્ણયુગનાં સંસ્મરણો તાજા કરાવનાર આ વાવ અર્વાચીન કપડવંજને શોભા આપતી ઉભી છે. પગથીયા ઉતરતા સામા દેખાતા માળ જેવા ઝરૂખા, બંધ બાંધેલી મેડીઓ હજુ શોભા આપી રહેલ છે. એ કોઈપણ પ્રવાસીને આકર્ષણ આપે છે.[3]

**સંદર્ભસૂચિ**

૧. વ્યાસ, રજની (૨૦૧૭). ગુજરાતનો સાસ્કૃતિક વારસો, અક્ષરા પ્રકાશન,અમદાવાદ, આવૃતિ ત્રીજી, પેજ નંબર, ૩૭.

૨. ઠાકર, ડો. મીનાક્ષી (૨૦૦૬). પ્રવાસન ભૂમિ ગુજરાત,નવભારત સાહિત્ય મંદિર,પ્રથમ આવૃત્તિ, પેજ નંબર, ૭૨.

૩. વૈધ, ડો. પોપટલાલ દોલતરામ, (૧૯૮૪). કપડવણજની ગૌરવગાથા,આગમોદ્ધારક ગ્રંથમાળા કપડવંજ, પેજ નંબર, ૫૫